સુવિચાર : મંઝીલ હોય જેનું ધ્યેય એ રસ્તા નહીં જુએ... ઉદ્યમી હોય એ હસ્તરેખા નહીં જુએ... - સાંઈરામ દવે

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૩૨ | ૧ નવેમ્બર, ૨૦૧૫, રવિવાર ; આસો વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૪૪ ટકા

MAS દિવાળી ઓફરોની આતશબાજી
આપના પોતાના ઘરનું સ્વપનું હવે થશે સાકાર
→ હોમ લોન
→ રીનોવેશન લોન
→ એક્ષટેન્શન લોન
આસાન શરતો • ઝડપી એપ્રુવલ

આપનું મનપસંદ ટુ-વ્હીલર વસાવો
0%* ના વ્યાજ દરે

કેશ લોન
10 હજારથી 75 હજાર સુધી
ફક્ત 3 દિવસમાં

શોપ લોન
દુકાનની વેલ્યુએશનના 50% સુધી લોન મેળવો

મશીનરી લોન
મશીનની કિંમતનાં 80% સુધી લોન
CNC, VMC અને પ્લાસ્ટીક ઈન્જેક્શન મોલ્ડીંગ મશીન પર મેળવો લોન
*શરતોને આધિન.

માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમીટેડ
—જે સમજે આપના અમૂલ્ય સ્વપનાનું મુલ્ય—
ગાંધીનગર : ૦૭૯-૨૩૨૬૧૧૫૫
કડી : ૦૨૭૬૪-૨૪૦૨૩૨,૬૫૦૧૧૫
મહેસાણા :૦૨૭૬૨-૨૪૪૮૬૪,૩૧૧૮૨૪
ઈડર : ૦૨૭૭૮-૩૨૬૬૨૦
હિંમતનગર : ૦૨૭૭૨-૬૯૮૨૦૨
9904301350/51

ફટાફટ ન્યુઝ

- અખિલેશ પ્રધાનમંડળનું આખરે વિસ્તારણ : ૨૦ પ્રધાનોના શપથ
- સાનિયા અને હિંગિસની જોડી ફરીવખત ફાઈનલમાં પહોંચી
- એક ભારત શ્રેષ્ઠ ભારત યોજના સાથે આગળ વધવાની જાહેરાત
- ઈન્દિરા ગાંધીને પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ અર્પણ મોદીએ યાદ કર્યા
- પટેલ પ્રથમ વડાપ્રધાન બન્યા હોત તો સ્થિતિ જુદી જ હોત : વેંકૈયા નાયડુ
- અંતે ભાજપની વિવાદાસ્પદ જાહેરાત પર પ્રતિબંધ

પેટ્રોલમાં લીટરદીઠ ૫૦ પૈસાનો ઘટાડો

ડીઝલની કિંમતને યથાવત રાખવાનો નિર્ણય : પેટ્રોલની કિંમતમાં ઘટાડો તાત્કાલિક ધોરણે અમલી : પહેલી સપ્ટેમ્બર બાદથી પેટ્રોલની કિંમતમાં પ્રથમ વખત ઘટાડો

અમદાવાદ/નવી દિલ્હી,તા.૩૧

પેટ્રોલની કિંમતમાં આજે લીટર દીઠ ૫૦ પૈસાનો ઘટાડો વેટ અને સેલ ટેક્સ સિવાય કરવામાં આવ્યો હતો. પરંતુ ડિઝલની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવામાં આવતા તીવ્ર મોંઘવારી વચ્ચે સામાન્ય લોકોને આંશિક રાહત મળી શકે છે. પેટ્રોલની કિંમતમાં વેટને ગણવામાં આવે તો ગુજરાતના અમદાવાદ સહિતના શહેરોમાં ૫૫ પૈસાનો ઘટાડો લાગુ પડશે. એટલે કે અમદાવાદમાં હાલમાં ૬૧.૯૬ રૂપિયા લીટર દીઠ પેટ્રોલનો ભાવ છે જેની સામે નવો ભાવ લીટર દીઠ ૬૧.૪૧ રૂપિયા થશે. આ નવા ભાવ તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવી રહ્યા છે. દેશની સૌથી મોટી ફ્યુઅલ રિટેલરનું કહેવું છે કે પેટ્રોલની કિંમત દિલ્હીમાં આજે અડધી રાત બાદથી ૬૦.૭૦ રૂપિયા થઈ જશે. જે હાલમાં ૬૧.૨૦ છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. પહેલી સપ્ટેમ્બર બાદથી પેટ્રોલની કિંમતમાં પ્રથમ વખત ઘટાડો કરવામાં આવ્યો છે. પહેલી સપ્ટેમ્બરના દિવસે

● અનુસંધાન પાન-૭ પર

આજે બિહારમાં ચોથા તબક્કાનું મતદાન

૫૭ મહિલા સહિત ૭૭૬ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે : ૧૪૧૩૯ મતદાન મથકો ઉપર મતાધિકારનો ઉપયોગ કરવા ૧૪૬૯૩૨૯૪ મતદારો ઉત્સુક

પટણા,તા. ૩૧

બિહારમાં ચોથા તબક્કાના મતદાનને લઈને તંત્રે તમામ તૈયારી કરી લીધી છે. અભૂતપૂર્વ ઉત્સાહ અને સઘન સુરક્ષા વચ્ચે આવતીકાલે ચોથા તબક્કામાં મતદાન યોજનાર છે.ચોથા તબક્કામાં ૫૫ બેઠકો માટે મતદાન યોજનાર છે. ચોથા તબક્કામાં પણ અગાઉના બે તબક્કાની જેમ એનડીએ અને મહાગઠબંધન વચ્ચે તીવ્ર સ્પર્ધા થનાર છે. આ વખતે ચોથા તબક્કાની ચૂંટણી મહત્વપૂર્ણ બની છે.ચોથા તબક્કામાં જે જિલ્લાને આવરી લેવામાં આવ્યા છે તેમાં સિવાન, શિવોહાર, પશ્ચિમ ચંપારણ, પૂર્વીય ચંપારન, સીતામઢી અને ગોપાલગંજનો સમાવેશ થાય છે. એડિશનલ ચીફ ઈલેક્ટોરલ આર. લક્ષ્મણને કહ્યુ છે કે ચોથા તબક્કામાં કુલ૧૪૬૯૩૨૯૪ મતદારો છે. આ તમામ મતદારો ચૂંટણી મેદાનમાં રહેલા ૭૭૬ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. રાજ્યમાં ચોથા તબક્કાના

● અનુસંધાન પાન-૭ પર

૨૨૪ યાત્રીઓ સાથે રશિયન વિમાન દુર્ઘટનામાં ૧૦૦થી વધુના મોત

વિમાનમાં મોટાભાગના રશિયન પ્રવાસી હતા

કેરો, તા. ૩૧

ઈજિપ્તના શર્મ-અલ-શેખ વિમાની મથકથી આજે બપોરે ૨૨૪ યાત્રીઓ સાથે ઉડાણ ભર્યાના મિનિટો બાદ જ રશિયન યાત્રી વિમાન સનાઈ દ્વીપમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. જેમાં તમામના મોત થઈ ગયા છે. દુર્ઘટનાસ્થળથી ૧૦૦થી વધુના મૃતદેહ મળી આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લા પંચાયતના ઉમેદવારોની યાદી બે તબક્કામાં જાહેર થશે

રજી પછી પ્રદેશકક્ષાએ અહેવાલને આધારે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા થશે : બન્ને પક્ષોમાં ૭ થી ૮ બેઠકો પર એક જ નામ નવા સીમાંકનને લઈ ઉમેદવારોની પસંદગીમાં નેતાઓને કવાયત વધુ કરવી પડી રહી છે : જ્ઞાતિવાદ પણ આ ચૂંટણીમાં હાવી રહે તેવી સંભાવનાઓ વચ્ચે નેતાઓની ખાનગી બેઠકોનો દોર

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની અને ત્રણ તાલુકા પંચાયતની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થવાની આડે હવે પાંચ દિવસ બાકી છે ત્યારે ટિકિટ વાંચ્છુઓ દ્વારા ટિકિટ મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

ભાજપ અને કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૩જી અથવા ૪થી નવેમ્બરના રોજ બે તાલુકા પંચાયત અને બે નગરપાલિકાના ઉમેદવારોની જાહેરાત પ્રથમ તબક્કામાં થશે જ્યારે પમી અથવા ૬ઠ્ઠીએ એક તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ થશે.

જિલ્લા પંચાયતની ત્રણ બેઠકોના વધારા સાથે થયેલા નવા સીમાંકનને કારણે રાજકીય આગેવાનો દ્વારા કવાયત ગંભીર બનવા પામી છે. બન્ને પક્ષોમાં માત્ર સાતથી ૮ ઉમેદવારો જ એવા છે જ્યાં માત્ર એક જ નામ સૂચવવામાં આવ્યું છે. બન્ને પક્ષો દ્વારા જ્ઞાતિ સમીકરણ, કાર્યકર તરીકેની ભૂમિકા તેમજ વિસ્તાર પરની પક્કડ સહિતના મુદ્દાઓને ધ્યાને રાખી ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

બન્ને પક્ષો દ્વારા પ્રાથમિક કવાયત પૂરી થઈ ગઈ છે પરંતુ જે રીતે સીમાંકનમાં ફેરફાર થયા છે તેને લઈ વધુ ઝીણુ કાંતવાની ફરજ નેતાગીરીને પડી છે.

જો કે અત્યારે તો બન્ને પક્ષો જીત માટે દાવા કરી રહ્યા છે પરંતુ ચૂંટણીના દિવસો નજીક આવે ત્યારે જ સાચી સ્થિતિનો ખ્યાલ આવી શકે. બન્ને પક્ષો દ્વારા પ્રચાર અભિયાનમાં પણ શું કરવું તે માટેની કવાયત કરવામાં આવી રહી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચૂંટણીમાં જ્ઞાતિવાદી રાજકારણ આમ તો અત્યાર સુધી હાવી રહ્યુ છે અને આ વખતે પણ જ્ઞાતિવાદી રાજકારણ જ વધુ હાવી રહેશે તેમ રાજકીય આગેવાનોમાં ચર્ચાઈ રહ્યુંછે. જોકેબન્ને પક્ષો દ્વારા રણનીતિને લઈ તેમના કાર્ડ છાતી સરખા રાખી રહ્યા છે.

ઉમેદવારોની પસંદગીમાં થયેલા નવા સીમાંકનને કારણે નો રીપીટ થીયરી અપનાવવાની બન્ને પક્ષોને ફરજ પડી રહી છે. જો કે ૫૦ ટકા મહિલા બેઠકો અનામત બની હોવાથી પણ ઉમેદવારોની પસંદગી બાબતે પક્ષોને કવાયત વધુ કરવી પડી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં બન્ને મુખ્ય સ્પર્ધક તો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ છે પણ ઉમેદવારોની પસંદગી આખરી થયા બાદ આખરી ચિત્ર સ્પષ્ટ થશે.

છેલ્લી ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોને પણ કેટલીક બેઠકોના પરિણામ પર અસર કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria "The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0,સરગાસણ ચાર રસ્તા,ગાંધીનગર

ARIHANT
'અરિહંત એક્સક્લુઝીવ'
● રેડીમેડ - ગારમેન્ટ્સ
● શુટીંગ - શર્ટીંગ
● હોઝીયરી
● હેન્ડલુમ
● વુલન
Raymond PETER ENGLAND J.HAMPSTEAD
પ્લોટ નં. ૧૯૮, બેઝમેન્ટ, બેંક ઓફ બરોડાની લાઈનમાં, સેક્ટર-૨૧
ફોન નં : ૦૭૯ ૨૩૨૪૯૫૧૬ (ઓ)
મો: ૯૯૦૯૯૭૫૯૯૩
email : hiren2708@gmail.com

બંગલો વેચવાનો છે
સારા લોકેશનમાં, વાસ્તુશાસ્ત્ર પ્રમાણે, પ્લોટ ૨૩૫ ચો.વાર બાંધકામ ૨૫૦ ચો.વાર પ્રમુખ રેસીડેન્સી સીટી પલ્સની પાછળ
મો. ૯૮૨૫૧ ૯૮૩૮૧

બ્રાહ્મણ પરિવારો માટે
અમદાવાદ મુકામે ત્રીજુ જીવનસાથી સંમેલન
તા. ૨૯-૧૧-૨૦૧૫, રવિવાર
રજી.ની છેલ્લી તા.૭-૧૧-૨૦૧૫ ઘરેબેઠા રજીસ્ટ્રેશન કરાવો.
જલારામ મેરેજ બ્યુરો (રાવલભાઇ)
7359384183

Shreeji Gold
Gateway of Gold and Silver Ornaments
We understand your needs...
Deals in Gold and Silver Ornaments
Dineshbhai - 99742 40124 Narendra - 94263 57557
G-2, Pramukh Paradise, G-Road, Sector-23, Gandhinagar
Phone : 079-23211022

ડીસ્ટ્રીક્ટ કાપડ વેપારી એસોસીએશન, સેક્ટર-૨૧, ગાંધીનગર દ્વારા
ડી. શોપીંગ સેન્ટરની કાપડ, રેડીમેડ, તથા સોડીઓની તમામ દુકાનો દિવાળી (૧૧-૧૧-૨૦૧૫) સુધી કોઈપણ રજા વગર સળંગ ચાલુ રહેશે.
લકી ડ્રોનું ભવ્ય આયોજન
કુલ ૧૦૦૧ ઈનામો
પ્રથમ ઈનામ Maruti ALTO
(૧) અલ્ટો કાર ૧
(૨) બજાજ બાઈક ૨
(૩) એ.સી. ૧.૫ ટન ૧
(૪) L.E.D. T.V. 32" ૧
(૫) ફ્રીજ ૧
(૬) વોશીંગ મશીન ૧
(૭) આટા મેકર (ઘરઘંટી) ૧
(૮) એન્ડ્રોઈડ મોબાઈલ૧ ૧
(૯) મીક્સર કમ જ્યુસર૩ ૧
(૧૦) ટ્રાવેલીંગ ટ્રોલી બેગ ૫૦
સેક્ટર-૨૧, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરની કોઈપણ કાપડની દુકાનમાંથી રૂ. ૧૦૦૦ની ખરીદી કરો અને એક લકી ડ્રો કુપન અચુક મેળવો.
માનવંતા ગ્રાહકો
લકી ડ્રો કુપન... આપવાની અમારી ફરજ છે... મેળવવી આપનો હક્ક છે. કદાચ ભુલથી આપવાની રહી જાય તો, પ્રેમથી માંગી લેજો.. એટલી અરજ છે.
(૧૧) પ્રેશર કુકર ૫૦
(૧૨) ટોસ્ટર ૫૦
(૧૩) બ્લેન્ડર ૫૦
(૧૪) ડીનર સેટ ૫૦
(૧૫) બાથરૂમ સેટ ૫૦
(૧૬) બાઉલ સેટ ૧૦૦
(૧૭) કેશ રોલ સેટ ૧૫૦
(૧૮) વોટર જગ (૧૨ લીટર) ૨૦૦
(૧૯) ટીફીન સેટ ૨૦૧
T&C Apply

માણો દિવાળી વેકેશન પામગ્રીન્સ ક્લબમાં
સ્વીમીંગપુલ, થીયેટર, ઈન્ડોર ગેમ્સ, કોટેજીસ, રેસ્ટોરન્ટ તથા તમામ મોડર્ન સુવિધા સાથે
પામગ્રીન્સ ક્લબ વોટરપાર્ક રીસોર્ટ એન્ડ સ્પા
ગોબલજ, અમદાવાદ પાસે, N.H.8
Mo. 9925552003, 9824053333
www.palmgreensclub.com
www.shahwaterresort.com

દિવાળીની રજાઓમાં...
જોધપુર-જેસલમેર-સમ ડેઝર્ટ ● કાશ્મીર ડીલક્ષ
By Air Call : 89800 09551
• કેરાલા • હિમાચલ • સાઉથ
• આંદામાન-નિકોબાર નવે. તા: ૧૧ અને ૧૩
ડિસે. થી માર્ચ કપલ/ફેમીલી ટુર્સ
• ડેલહાઉસી-કુલુ-મનાલી-સિમલા
• કેરાલા: Sterling Resort - મુન્નાર-થેકડી
સ્વ. ભીખુભાઈ ઠક્કર સ્થાપિત ૬૧ વર્ષથી અવિરત ભાવની સેવામાં
નવભારત ટ્રાવેલ્સ
૪,ગણેશ પ્લાઝા,નવરંગપુરા,અમદાવાદ
Ph: 40208020/9825804077 & 79

રાજેશ્રી જાની
+91-98795 55091
+91-99252 10345
પ્લોટ નં. ૩૦૫/૧,સેક્ટર 7-A, ચ-૨ બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર
રંગોલી ક્રિએશન
રંગોલી(એક્રેલિક, વુડન, ઈન્ડિયન ટ્રેડિશનલ,ડિઝાઈનર પીસ), દિવા સ્ટેન્ડ,પૂજા થાળી, કંકાવટી, તોરણ, ડોર વેલકમ શુભલાભ વગેરે...NRI કલેક્શન.